સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

'બેદરકાર'ને 'કોરોના' નો ચેપ જકડી જશે!
કાયદો ન પાડનારને પોલીસ પકડી જશે !
ઢસડી જશે, ને પૂરી દેશે 'એકાન્તની' કેદમાં -
'મને કંઈ ન થાય' નો બધો મદ ઉતરી જશે...
(સરકારશ્રી સૂચના-દાયદાનું પાલન કરો)

હાઈકુ

રાજા કે પ્રજા -
ચેપના પંજા પાસે -
સૌ છે સરખા..

દુખી ને દાન -
ભૂખ્યાં ને ભોજન -
સાચું પૂજન...

ચિંતન

વદનં પ્રસાદસદનં સધ્યં હૃદયં સુધામુચો વાચઃ ।
કરણં પરોપકરણં યષાં કથં ન તે વન્દ્યાઃ ॥

ઉપરોક્ત શ્લોક 'શ્રી સુભાષિત પદ્યાવલિ'માંથી લેવામાં આવેલ છે.

જેઓનું મુખ પ્રસન્નતાનું સ્થાન છે, હૃદય દયાળું છે. વાણી અમૃત વરસાવવનારી છે અને ઈન્દ્રિયો બીજાનો ઉપકાર કરનારી છે. તેઓ પૈકી તે સજ્જન માણસો કેમ વંદનીય ન થઈ શકે ? (સર્વ લોકો તેને આદર આપે જ) જે લોકો સદા હસતા મુખે સૌની સેવા કરનારા પરગજુ હોય, કોઈ દિવસ તેમના પર સેવાનો થાક દેખાય નહીં અને શબ્દોમાં કટુતા વર્તાય નહીં અમૃત જેવી વાણીથી સૌની સાથે વાત કરે સેવાભાવ એમની રગે રગમાં વહેતો હોય એવા સજ્જન લોકો સન્માનપૂર્વક વંદનીય છે.

સુવિચાર

- તટની મમતા તોડે તો જ તેને સાગરની સંપદા મળે છે - **મુંબઈ સમાચાર**
- તમે પરવાહ કરવાનું છોડી દો, લોકો તકલીફ આપવાનું બંધ કરી દેશે - **એસ. ભટ્ટાચાર્ય**
- સુંદર અભિનય એટલે.... મનમાં સંઘર્ષ હોવા છતાં પણ ચહેરા ઉપર હાસ્ય હોય - **શાહબુદ્દીન રાઠોડ**
- ક્યાંથી તું અમર ?, તું તો ધનની પાછળ ભ્રમ!!
  ત્યાગ તણો તું ગ્રહી લે પંથ, એમાં રહસ્યો અમરત્વનો અર્ક - **અખંડ આનંદ**
- અન્યાયની સામે મૌન સેવવા વાળા હંમેશા રડતા હોય છે,
  ધૃતરાષ્ટ્રએ મૌન સેવીને પોતાના સો પુત્રોને ખોયા છે - **ડો. કુમારપાળ દેસાઈ**
- બે માણસો હાથથી-બુદ્ધિથી મળ્યા તો સંપર્ક થઈ ગયો,
  બે માણસો હૃદયથી મળ્યા તો સત્સંગ થઈ ગયો - **કાંતિ ભટ્ટ**
- આજનું ઔષધ : જાંબુ વધુ ખવાઈ ગયા હોય તો અડધી ચમચી મીઠું ફાકી જવું, રાહત થશે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

પિકાસો એ એક ચિત્ર બનાવવાનું શરૂ કર્યું. તેમના અંગત મિત્રએ ઉત્સુકતા પૂર્વક એમના સ્ટુડીઓનું બારણું ખોલ્યું. પિકાસોની એકાગ્રતામાં ભંગ ન પડે આથી તેઓ તરત પાછા ફર્યા. થોડા વખત પછી એ ચિત્ર વેચાણમાં મુકાયું ત્યારે પેલા મિત્રએ ભારે કિંમત ચૂકવી એ ચિત્ર ખરીદી લીધું. એક વાર ચર્ચામાં પિકાસોએ એના મિત્રને કહ્યું, 'પેલું ચિત્ર પ્રામાણિક નથી' પ્રામાણિક ચિત્રનો અર્થ એ થાય છે કે ચિત્રકારે ખુદની અનુભૂતિથી તે બનાવ્યું હોય, કોઈની નકલ નહીં. મિત્રને આશ્ચર્ય થયું તેણે કહ્યું, 'એ સાચું છે કે મેં આ ચિત્ર બનાવ્યું છે પરંતુ તેને બનાવતી નખતે હું રચનાકાર ન હતો. બલ્કી મારાં પોતાનાં જ જૂના ચિત્રોમાંના એકની નકલ કરી રહ્યો હતો. આ ચિત્રને બનાવતી વખતે હું સૃષટ્રા ન હતો.' મિત્રને સમજાયું નહીં એણે કહ્યું, 'મને તમારી વાત સાદી ભાષામાં સમજાવો.' પિકાસોએ કહ્યું, 'હું સૃષ્ટા ત્યારે જ હોઉં છું કે જયારે કોઈ ઉત્તમ અનુભૂતિથી કોઈ અદ્વિતીય ચિત્રનું સર્જન કરું. પણ જયારે હું મારા જ પેઈન્ટીંગથી નકલ કરું છું ત્યારે સૃષ્ટા કેવો ? કલાકાર જયારે કોઈ મૌલિક કાર્ય કરે છે ત્યારે તે પરમાત્માની નજીક હોય છે. આપણી જ બનાવેલી કોઈ કૃતિનો ખ્યાલ મનમાં હોય અને ચિત્ર બનાવું ત્યારે સર્જન ન કહેવાય આથી એ ચિત્ર મારું છે પણ પ્રામાણિક નથી.' પિકાસોનું ઈમાનદાર સત્ય સાંભળીને મિત્રનું માથું શ્રદ્ધાથી ઝૂકી ગયું.

લક્ષ્ય કોરોનાની આંખ પર કેન્દ્રિત થવું જોઈએ

તંત્રીસ્થાનેથી...

કોરોનાએ માનવજાતને એની હેસિયત બતાવી દીધી છે. આખી દુનિયામાં એ ઓછાવધતા પ્રમાણમાં ફેલાઈ જઈ ત્રાહિમાન પોકારાવી રહ્યું છે. ચીનના વુહાન શહેરના વેટ માર્કેટમાંથી પ્રગટ થઈ એ આખા યુરોપ ઉપરાંત અમેરિકા પર ત્રાટક્યું છે. ઠેર ઠેર નવાં વુહાન સરજાયાં છે. વુહાન વાઈરસ અને ચીની વાઈરસ જેવાં નામે ઓળખાવી આ વાઈરસ દુનિયાને ચીનની દેણ હોવાનું અમેરિકાના રાષ્ટ્રપ્રમુખથી લઈ અદનો ગામડિયો સુધ્ધાં ખુલ્લેઆમ આક્ષેપ કરે છે. વેટ માર્કેટમાં કપાતાં ચામાચીડિયાં, અજગર, કૂતરા, બિલાડાં, શિયાળ અને બીજા અસંખ્ય પ્રાણીઓના માંસમાંથી વારંવાર વાઈરસ મનુષ્યના શરીરમાં પ્રવેશે છે. ચીન સામે આ મુદ્દે પ્રતિબંધો મૂકવા સુધીની દરખાસ્તો થઈ છે પરંતુ લુચ્ચા શિયાળ જેવી ખંધાઈ સાથે ચીન હાથીની ગતમાં ચાલતું રહ્યું છે. આ વાઈરસના વૈશ્વિક ફેલાવાના મૂળ ગોત્ર તરીકે બદનામ થયું હોવા છતાં ચીને તો એના પર ગણતરીના દિવસોમાં નિયંત્રણ મેળવી લીધું છે જયારે બાકીની દુનિયા આખી લોકડાઉન થઈ ગઈ છે ! નિરિક્ષકોએ યોગ્ય જ તારણ કાઢ્યું છે કે ત્રીજું વિશ્વ યુદ્ધ કર્યા વગર જ ચીને અમેરિકાની 'બકરી બે' બોલાવી દીધી છે અને યુરોપની તો બોલતી જ બંધ કરી દીધી છે. યુકેના વડાપ્રધાન અને આરોગ્ય પ્રધાન ઉપરાંત બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ પોતે કોરોનાની ચપેટમાં આવી ગયા છે. સ્પેનમાં કાળો કેર વરતાઈ રહ્યો છે. ભારત પ્રમાણમાં બચી ગયું છે પણ જે ઝડપે પોઝિટિવ કેસ વધતા જાય છે અને મૃતાંક ઊંચો થતો જાય છે એ જોતાં અમેરિકાની જેમ આપણા દેશ માટે પણ આગામી બે અઠવાડિયાં 'ભારે' છે. આખા દેશમાં તબલીગી જમાત પ્રત્યે સૂગનો માહોલ પ્રવર્તી રહ્યો છે. જયારે કોરોનાનો કાળમુખો પંજો આખી દુનિયામાં હાહાકાર મચાવી રહ્યો હતો અને દિલ્હીમાં કેન્દ્ર સરકારે આ મુદ્દે જાહેર ચેતવણી ઉચ્ચારેલી હતી ત્યારે નિઝામુદ્દીન ખાતે મરકઝમાં હજારો તબલીગીઓ ટોળે વળ્યા હતા. સાંકડી જગ્યામાં પડી રહેતા અને મોટી કથરોટમાં એક ભાણે જમતા મુસ્લિમોને કોરોનાની કોઈ જ વૈજ્ઞાનિક માહિતી ન હોય તે સમજી શકાય એમ છે. પરંતુ પછી જયારે તપાસનો ધમધમાટ શરૂ થયો ત્યારે આ લોકો છુપાઈને ભાગ્યા અને દેશભરમાં ઠેકઠેકાણે ચેપ ફેલાવવા લાગ્યા. કેરળ, તમિલનાડુ, કર્ણાટક, તેલંગાણા અને મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ કે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ - બિહારની જેમ ગુજરાતને પણ એ ચેપ લાગી ચૂક્યો છે. અમદાવાદ કોરોનાનાં વિશ્વવ્યાપી એપી સેન્ટરોની હરોળમાં આવી ચૂક્યું છે મરકઝમાં હાજરી આપી ગયેલા વિદેશીઓને કેન્દ્ર સરાકરે બ્લેક લિસ્ટ કર્યા છે અને દેશભરમાં મોટી સંખ્યામાં પોઝિટિવ આવી રહેલા મોટા ભાગના કેસ મરકઝના તબલીગીઓ સાથે સંકળાયેલા છે. આ મુદ્દાને ધર્મ સાથે જોડી રાજકારણ ન જ રમાવું જોઈએ પરંતુ આપણા વામણા રાજકારણીઓ આવી કમનસીબ ઘટનાનો લાભ લેવાનું ચૂકતા નથી. મુસલમાનોમાં ભારે અસંતોષ અને ફફડાટ ફેલાઈ ગયો છે. તપાસ કરવા આવતા તબીબી સમુદાયને, નર્સો વગેરેને એ લોકો શંકાની નજરે જુએ છે. એમની સામે બદતમીજી કરે છે. પોલીસ પર પથ્થરમારાના બનાવો બન્યા છે. દરમિયાન અમદાવાદ કોરોના ડિસીઝના ફેલાવાના ત્રીજા સ્ટેજમાં પહોંચી ગયું છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન પોઝિટિવ કેસોની સંખ્યામાં દેશ અને દુનિયામાં ભારે ઉછાળો નોંધાયો છે. ગાંધીનગરમાં પણ વધુ બે કેસ ઉમેરાયા છે. કોરોના જે ઝડપે વધી રહ્યો છે એ જોતાં અમેરિકા જેવી આર્થિક મહાસત્તા ભાંગીને ભૂક્કો થઈ જશે એમ લાગે છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન એમાં ૧૫૦૦ મૃત્યુ નોંધાયા છે. એક રીતે જોતાં આ વિશ્વવ્યાપી કોરોના પ્રલય છે છે પરંતુ એને નાથવા માટે જરૂરી લોકડાઉનનો અમલ કરવામાં ભારે બેદરકારી પ્રવર્તે છે, જેથી ધાર્યા મુજબના સમયગાળામાં કોરોના નિયંત્રણમાં આવવાની શક્યતા નહીંવત જ છે. આવતીકાલે વડાપ્રધાનના આદેશ મુજબ રાતના નવ વાગ્યે, નવ મિનિટ માટે દીવા, મીણબત્તી કે મોબાઈલ ટોર્ચના અજવાસ દ્વારા તમસ પર પ્રતીકાત્મક હુમલાનો પ્રયોગ કારગત નીડવશે તે જોવું રસપ્રદ બની રહેશે !

કલાને સજીવન કરવાનો સમય મળ્યો છે...

આરપાર

રાઘવજી માધડ

ચોમાસું બેસી ગયું હતું. વરસાદ મન મૂકીને વરસ્યો હતો. નદીમાં પૂર આવ્યું હતું. ગામલોકો પૂર જોવા ઉમટ્યા હતા.પૂરમાં કોઈ તણાઇ રહ્યું છે...તેવું થતા એક તરવૈયાએ તેમને બહાર કાઢીને બચાવ્યા. જોયું તો ગામના સાધુ હરિગર મા'રાજ હતા.ભજન મંડળીમાંથી પાછા ફરી રહ્યા હતા.તેમના પાસે તબલા હતા.કોઈએ કહ્યું હતું:'બાપુ,હવે તો આ તબલા છોડો !'તો જવાબ વાળ્યો હતો:'ભાઈ,આ તબલાના લીધે જ બચી ગયો...નહિતર તણાઇ ગયો હોત !' તબલા વગાડવાની કલાના લીધે જ મા'રાજ બચી ગયા હતા.

જીવનમાં એકાદ કલા હોય તો આનંદ-નિજાનંદ સાથે ભવસાગર પાર કરી શકાય.ખરા અર્થમાં જીવનને માણી શકાય. કલા વગરનો માણસ પૂંછડા વગરના પશુ સમાન ગણાય. આવું સંસ્કૃતમાં કહ્યું છે. જેમની સાથેનું પ્રેમ-પ્રકરણ પૂરું થઈ ગયું છે એવી કામણગારી કલા વરસો પછી યાદ એટલે આવી છે કે, આજે આપણે વૈશ્વિક આપત્તિમાંથી પસાર થઇ રહ્યા છીએ. ઘરમાં રહો, સુરક્ષિત રહો...સૂત્રને અનુસરી રહ્યા છીએ.જે ખૂબ જરૂરી છે.આ સમયે, ઘરમાં રહીને દિવસભર કરવું શું ? આ સવાલ લગભગ બધાને સતાવી રહ્યો છે. જેમને ઘર,પરિવાર વચ્ચે રહેવાની આદત જ ઓછી હતી તેમના માટે આ કપરો કાળ છે.

આપણે કોઈ એવો સાંસ્કૃતિક કાર્યક્રમ માણ્યા પછી કહેતા હોઈએ છીએ- મને પણ એક સમયે ગાવા-વગાડવા, લખવા-વાંચવા,ચિત્ર દોરવા...વગેરેનો શોખ હતો.પણ...આ જીવનઝંઝાળમાં ભૂલાઈ ને ભૂંસાઇ ગયું. આ મન સાથેનું સમાધાન રહ્યું છે. પણ કોઈ સ્વરૂપે કલા આપણામાં હતી તે પાક્કું. એ કલાને સજીવન કરવાનો, માણવાનો આ સમય મળ્યો છે.

હા, જાત સાથે સંવાદ કરવો એ પણ એક કલા છે.આપણે જગતને મળ્યા છીએ પણ આપણી જાતને મળ્યા નથી.જયારે જગત આપણાને મળવાનું બંધ કરી દેશે ત્યારે જાતને મળીશું...પણ ત્યારે બહુ મોડું થઇ ગયું હશે. જાત કહે છે :'જીવવા માટેના કેટલાં શ્વાસ સિલકમાં છે તેની ખબર નથી પણ લખવા કરતા, વાંચ વાનું ઘણું જ બાકી છે..' એક ભાઈએ મને પૂછ્યું હતું:'આ લખો છો તો તમને તેમાં મળે શું ? તમારું વળે શું ?' ખાખરાની ખિસકોલીને સાકરના સ્વાદ વિશે સમજાવવું ભારે મુશ્કેલ હોય છે.

આ સમય પણ ચાલ્યો જશે આ નરવી હકીકત છે એમ ગયેલો સમય પાછો નહીં આવે તે પણ કડવી કે વરવી વાસ્તવિકતા છે.સમયને સાચવો તો,સમય તમને સાચવશે...આ વેસ્ટ નહીં પણ ઇન્વેસ્ટ કરવાનો સમય છે.સમય,સમ્માન, વિશ્વાસ એવું પંખી છે કે એકવાર ઊડી ગયા પછી ફરી ક્યારેય પાછું આવતું નથી... આવું આપણે જાણીએ, સમજીએ છીએ. આપણી સમજદારી તો જરાય ઓછી નથી.

-શું કરવું, નવરા બેઠાં થાકી-કંટાળી ગયો છું...આવું કહેવું ત્યજીને મનમાં ખાંખાખોળા કરો, જે કલા ગમતી હતી, થઇ શકતી હતી એને સજીવન કરો.જયારે કલામાં ઓતપ્રોત થશો ત્યારે લોકડાઉન ગૌણ બની જશે.દ્રશ્ય-શ્રાવ્ય માધ્યમને જોવું એ પણ એક કલા છે.કોઈ ફિલ્મ-સિરિયલને કલાની રીતે જુઓ...તેમાંથી જે તમને ગમતું હતું એ જ જોવા, પામવા મળશે.

છેલ્લે :

સંબંધમાં ભરોસો અને મોબાઈલમાં નેટવર્ક ન હોય ત્યારે લોકો 'ગેમ' રમતાં હોય છે !

પોલીસ : ફરજ, નિષ્ઠા અને સંવેદના

મોરપીંછના રંગ

ડો. કનૈયાલાલ ભટ્ટ

'પોલીસ' શબ્દ સાંભળતા જ આપણા મનમાં કોઈ છૂપો ભય પ્રગટી ઊઠે છે. આપણે ઇચ્છતા હોઇએ છીએ કે આખા જીવન દરમિયાન કદી પોલીસ સાથે આપણો પનારો ના પડે કે પોલીસ સ્ટેશનના પગથિયાં ના ચડવા પડે. કારણ છે પોલીસ પ્રત્યે આપણા મનમાં પડેલી છાપ. આપણે સૌ પોલીસ પ્રત્યે હંમેશાં નિષ્ઠુરતાથી જ વિચારીએ છીએ. ઘરમાં પણ બાળકોને બાળપણથી 'પોલીસ'ની બીક બતાવીને એના કુમળા માનસમાં પોલીસ પ્રત્યેની નકારાત્મકતા ભરી દઇએ છીએ. એક અર્થમાં કહીએ કે પોલીસને આપણે ''વિલન'' માનીને જ જીવીએ છીએ. પણ માત્ર એટલું વિચારીશું કે આખા દેશમાંથી જો પોલીસ વ્યવસ્થા જ બંધ કરી દેવામાં આવે તો ? આપણે જે રોજ રાત્રે આરામથી એ.સી. રૂમમાં પત્ની સાથે સુખચેનથી સુઇએ છીએ, આપણા બાળકો દરરોજ સવારે પતંગિયાની જેમ કુદતા કુદતા સ્કૂલે જાય છે કે આપણે દરરોજ ૧૦ થી ૬ સુધી વિના મુશ્કેલીએ નોકરી કરી શકીએ છીએ કે સવારે ૯ થી રાત્રે ૧૦ સુધી દુકાને / કંપનીએ / પેઢીએ / હૉટેલે કે ફેક્ટરીએ બેસીને વેપાર ધંધો કરી શકીએ છીએ કે આપણે આપણી મમ્મી, દીકરી, બહેન કે પત્નીને લઇને વિના સંકોચે આખા દેશમાં હરવા – ફરવા જઇ શકીએ છીએ. આની પાછળના કારણો કદી વિચાર્યા છે ? માત્ર અને માત્ર પોલીસ વ્યવસ્થા જ છે. આજે દરેક શહેરોમાં અસામાજિક તત્વો છે પણ તેઓ પોલીસને કારણે દબાયેલા રહે છે. હવે વિચારો કે દર મહિને પગારને દિવસે આવા તત્વો દ્વારા તમારો પગાર આંચકી લેવામાં આવે તો ? ઘેરથી ગમે ત્યારે દીકરી - બહેનને ઉપાડી જવામાં આવે તો ? વાત વાતમાં આપણી સાથે ગૂંડા તત્વો મારામારી પર ઉતરી આવે તો ? આપણે જીવી શકીશું ખરા ? પણ આ બધું ખુબ જ કંટ્રોલમાં છે. અરે આજે ગૂંડા તત્વોથી વધારે, સારા ઘરના 'સફેદ ગૂંડા' થી ડરવાનો સમય છે જેઓ સ્કૂલ - કોલેજ પાસે પોતાના અડ્ડા જમાવીને રોજ રોમિયોગીરી કરતા હોય છે. આવા શ્વેત વસ્ત્રોધારી તત્ત્વોને પણ પોલીસ કન્ટ્રોલ કરે છે. પકડે છે. અને જરૂર જણાય તો જેલ ભેગા પણ કરે છે. ત્યારે આપણે શાંતિથી આપણા સંતાનોને શિક્ષિત બનાવી શકીએ છીએ.

હા, ઘણી વખત પોલીસ ખુબ જ સખ્તાઇ પૂર્વક નિર્દોષ માણસો જોડે વ્યવહાર કરતી હશે પણ એ એની ફરજ છે. એ કાંઇ શિક્ષક તો છે નહી કે બધાને પ્રેમથી સમજાવે. એના હાથમાં લાકડી કે પિસ્તોલ એટલે જ આપવામાં છે કે ભીડને પણ કંટ્રોલ કરી શકે, એ સત્યનું રક્ષણ કરી શકે. પોલીસ દેશનાં સંવિધાનનું રક્ષણ કરે છે. એટલું જ નહી આપણા સામાજિક, પારિવારિક, સાંસ્કૃતિક રીત - રિવાજોની, ઉત્સવોની ઉજવણીની સફળતા અને સલામતિ પાછળ પોલીસ વ્યવસ્થા જ છે. આજે આપણે કે આપણા ઘરની સ્ત્રીઓ લગ્ન પ્રસંગે લાખો રૂપિયાના સોનાના આભૂષણો પહેરીને રસ્તા વચ્ચે નાચી શકે છે. જો પોલીસ જ ના હોય તો ? આભૂષણો સહિત આપણું ય અપહરણ થાય કે નહી ? સીતાને તો રામ બચાવવા ગયા હતા પણ આપણને આપણા રામ બચાવવા આવે ખરા ? એવો સવાલ દરેક સ્ત્રીઓએ પોતાના મનને પૂછવો જોઇએ. આપણી આવી સુરક્ષાનું શ્રેય આપણે પોલીસને કેમ નથી આપી શકતા ? ઉલ્ટાનું કોઇ ઘટના વિશે જાણ્યા વિના આપણે પોલીસ વિરુદ્ધમાં સૂત્રોચ્ચાર કરવા લાગી જઇએ છીએ. મહિલા સંગઠનો, માનવ અધિકારવાદીઓ કે સામાજિક કાર્યકરો કે રાજકીય પક્ષો અને ખુદ મીડિયા પણ, બધા પોલીસ પાછળ લાગી જાય છે. આમ જોઇએ તો પોલીસની છવિ બગાડવામાં થોડે ઘણે અંશે મીડિયા અને ફિલ્મોનો પણ ફાળો છે.

આપણે ક્યારેય એ નથી વિચારતા કે ''પોલીસ'' પણ સૌ પ્રથમ માણસ છે એને પણ હૃદય છે. પત્ની – બાળકો – પરિવાર છે. પણ એ પોતાના પરિવાર કરતા વિશેષ સમય આપણા પરિવારની સુરક્ષામાં પસાર કરે છે. નવરાત્રી હોય, મેળાના ઉત્સવો હોય, દિવાળી, હોળી, રથયાત્રા, ઈદ કે રાજકીય ઉત્સવો – સમારંભો હોય કે કોરોના જેવી મહામારીની સ્થિતિ હોય. પોલીસની સ્થિતિ એકદમ દયાજનક હોય છે. બંદોબસ્તમાં ઘણી વખત આ પોલીસ ઘેર જન્મેલા પોતાના સંતાનનું મોં પણ નથી જોઇ શકતો, કે નવા લગ્ન કરેલા હોવા છતાંય પત્નીને પતિસુખ આપવાને બદલે રાતોની રાતો સુમસામ રસ્તાઓ ઉપર, સોસાયટીઓના નાકે કે કોઇ મંત્રીઓ કે નેતાઓના બંગલાની બહાર ચોકીદારીમાં પસાર કરવી પડે છે. શું આ પોલીસને કડકડતી ઠંડીમાં ઘેર જઇ પત્નીને આલિંગન આપવાનું મન નહી થતું હોય ? પોતાના નાના બાળકો સાથે રમવાની ઇચ્છા નહી થતી હોય ? આવા તો અનેક સુખોથી વંચિત આ પોલીસના નૌજવાનો હોય છે. મોટાભાગના પોલીસ જવાનો રક્ષાબંધનને દિવસે ઘેર જઇ બહેન પાસે રાખડી પણ નથી બંધાવી શકતા. દિવાળી જેવા મોટા તહેવાર ઉપર પણ પરિવાર સાથે નથી રહી શકતા. અને છતાંય આપણે પોલીસને 'મફતલાલ' કે 'ઠોલો' કે 'ખાખીગૂંડો' જેવા વિશેષણો વાપરીને તિરસ્કૃત કરીએ છીએ. સરહદ ઉપર આર્મી જવાનો દેશની બહારના દુશ્મનોથી આપણી રક્ષા કરે છે એમને આપણે માન સન્માન આપીએ છીએ. પણ પોલીસને નહી. દેશની બહારના કરતા ખતરનાક દેશની અંદરના દુશ્મનો, અસામાજિક તત્ત્વો, ગૂંડાઓ છે જેનાથી આપણું રક્ષણ આ પોલીસ કરે છે. અને એ માટે કોઇ જાંબાઝ પોલીસ અધિકારીએ એનકાઉન્ટરમાં કોઇ મોટા ગૂંડાને ગોળીથી વિંધી નાખ્યો કે તરત જ બધા માનવ અધિકારીવાદીઓ, સામાજિક કાર્યકરો કે મીડિયા એ પોલીસ અધિકારીનું સન્માન કરવાને બદલે એના વિરુદ્ધ ઝૂંબેશ ઉપાડશે. શું આ મુદ્દો વિચારવા જેવો નથી લાગતો ? આ જ પોલીસને આપણી બેદરકારીને લીધે આપણું પર્સ કે ગળામાંથી ચેન કોઇ ખેંચી જાય તો ય પોલીસને ફરિયાદ કરવાની દોષ પોલીસને દેવાનો, તો વળી પતિ – પત્નીના ઝગડા હોય, ભાઇ બહેનના ઝગડા હોય કે માલ મિલકતના ઝગડા હોય કે સ્વભાવગત થયા પડોશી સાથેના ઝગડાઓ હોય, આપણે પોલીસને વચ્ચે લાવીએ છીએ. અને ક્યાંય માહિતી મળે કે ફલાણી જગ્યાએ બોંબ મૂકાયો છે તો ય એની તપાસ પોલીસ કરે છે. આમ આપણા પર્સથી લઇને છેક ખૂંખાર આતંકવાદીઓને પકડવાની જવાબદારી આ પોલીસની છે. અને છતાંય આ પોલીસ વિલન ? ઠીક છે ક્યાંક ક્યાંક પોલીસમાં દુષણો હશે. પણ એ તો રાજનીતિ, શિક્ષણ, સાહિત્ય અને સમાજ આ બધામાં દુષણો ક્યા નથી ? એ બાદ કરતા પોલીસની ફરજનિષ્ઠા, હિંમત, અને મળેલી સત્તાથી આપણી બધા જ પ્રકારની સુરક્ષા યોગ્ય રીતે થઇ રહી છે. અને છતાંય એમનો પગાર સૌથી ઓછો. એ કેમ કોઇ વિચારતું નથી ? હું તો અંગત રીતે માનું છું કે દરેક પોલીસનું પગારધોરણ શિક્ષક – અધ્યાપક જેટલું હોવું જોઇએ. જો એમને સારો પગાર મળતો હશે તો ભ્રષ્ટાચાર પણ આપોઆપ ઘટી જશે. ભલે શિક્ષકો કે અધ્યાપકો આખી નવી પેઢીને શિક્ષિત કરીને ઘડે છે.પણ આ પેઢી અને પેઢીને ઘડનાર બૌધિક શિક્ષકો જ સલામત નહી હોય તો શું કરીશું ? દેશને શિક્ષિત કરનાર, દેશને ચલાવનાર, દેશને વૈશ્વિક કક્ષાએ નામના અપાવનાર શિક્ષકો, વૈજ્ઞાનિકો, નેતાઓ, ડોકટરો કે ઉદ્યોગપતિઓની અને એમના પરિવારોની ખડે પગે સુરક્ષા કરનાર પોલીસનો પગાર જ સૌથી ઓછો ? એ આપણા દેશની કેવી વિટંબણા કહેવાય ? જ્યા જ્યા પોલીસની નિષ્ઠા વેચાઇ છે ત્યા ત્યા મોટેભાગે તેમની ''આર્થિક સ્થિતિ'' જ જવાબદાર બની છે. આટલો ઊંચો પગાર મળતો હોવા છતાંય શું શિક્ષકો કે અધ્યાપકો નિષ્ઠાથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવે છે ખરા ? હશે, પણ એમાંય અપવાદ જ - બાકી તો...અને આપણી નોકરી કેટલી ? માત્ર પાચ કે છ કલાકની જ્યારે પોલીસની ડ્યુટી ૨૪ કલાકની. ગમે ત્યારે સીટી વાગે અને રાત્રે બે વાગ્યે પણ દોડવું પડે. છતાંય વિશેષ કોઇ પગાર નહી.

ખરેખર તો સંસ્થાઓએ અને સરકારે 'પોલીસ : ફરજ, નિષ્ઠા અને સંવેદના' જેવા વિષયો પર પરિસંવાદો યોજવા જોઇએ. જેમાં સરકારી અધિકારીઓ, સચિવો અને નેતાઓ, સામાજિક કાર્યકરો, આગેવાનો કે મંત્રીશ્રીઓને બેસાડી પોલીસની સાચી સેવાથી માહિતગાર કરવા જોઇએ. તેમના પગારધોરણોની સમીક્ષા થવી જોઇએ. પોલીસને વધુ સંવેદનશીલ બનાવવા દરેક રક્ષા બંધનને દિવસે શહેરના નારી સંગઠનોએ સોસાયટીની બહેનોએ આખા શહેરના પોલીસ જવાનોને રાખડી બાંધવી જોઇએ. પછી જુઓ કે પોલીસ હીરો લાગે છે કે નહી ? ટાઢ, તડકો કે વરસાદ જોયા વિના પોલીસ આપણી રક્ષા કરે છે. શહેરોમાં વધતા જતા ટ્રાફિકનું નિયમન કરે છે. આપણે એક ઘરમાં ચાર પાંચ કે ઓફિસમાં દસ વીસ માણસોને કંટ્રોલ નથી કરી શકતા તો આ પોલીસને તો આખાય શહેરના હજારો લાખો લોકોને કંટ્રોલ કરવાના એ કેટલું મુશ્કેલ કામ છે એ તો એકાદ દિવસ એમની ડ્યુટી નિભાવીએ તો જ સમજાય.

તો મિત્રો, આવો આપણે સૌ સાથે મળીને '' પોલીસ ''નું ગૌરવ વધારીએ, તેમને સન્માન આપીએ અને સાચા હૃદયથી એમની અંદરની સંવેદનાને, એમની નિષ્ઠાને ઓળખીએ.

સંસાર અસાર છે (★ શરતો લાગુ)!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

જે કામ સદીઓ પુરાણા પોતપોતાના ધર્મના ધાર્મિક ગ્રંથો... વિદ્વાન ધાર્મિક નેતાઓ કે પોતપોતાના ભગવાન - અલ્લાહ - ગોડ નથી કરી શક્યા એ અચાનક જ કોરોના નામના એક તુચ્છ જંતુ એ કરી બતાવ્યુ છે. પૂરે કી પૂરી કાયનાત કો હીલા ડાલા હૈ ઇસ કમબખ્તને..! ઘરમાં જ કેદ પામર જીવ આખ્ખે આખ્ખો દિવસ આકાશ સામે આંખો માંડીને , હડપચીએ હથેળી ટેકવીને અનંત આકાશમાં જાણે કે કોઈને કહી રહ્યો છે કે 'સંસાર અસાર છે... જગત મિથ્યા છે... સંપતિ નકામી છે... માલ-મિલકત નાશવંત છે... સબ મોહ-માયા હૈ' ! અચાનક જ લોકો વધુ ને વધુ આધ્યાત્મિક...વધુ ને વધુ વાસ્તવવાદી...વધુ ને વધુ વર્તમાનમાં જીવતા થઈ ગયા હોય એવું નથી લાગતું? જાણે કે કોઈ તપસ્વી વર્ષોની સાધના પછી એવું દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરી ચૂકે છે કે સંસારની કોઈ મોહ-માયાનો એને સ્પર્શ જ ન થાય કઈક એવું જ બની નથી રહયું આજકાલ?

'વાર્યા ના વળે એ હાર્યા વળે' અને 'બીક થી ભૂંડું કાઇ નહીં' એવા સુભાષિતો અને સુવાક્યો અત્યાર સુધી એક આંખથી વાંચીને બીજી આંખથી કાઢી નાખતા કઈ કેટલાય ભડવીરો ઘરના આંગણાની લક્ષ્મણરેખા ઓળંગતા પણ ફફડે છે. વડાપ્રધાન ભલેને આઠના ટકોરે ટીવી પર આવીને એમ કહેતા હોય કે 'જાન હૈ તો જહાઁ હૈ ' પણ હાલત એવી છે કે જાન રહેશે કે નહીં એની ગેરંટી જો ઘરની બહાર નીકળ્યા તો કોઈ આપી શકે એમ નથી એટલે અત્યારે તો 'મારુ ઘરઆંગણ છે પ્યારું...બહાર તો નહીં જ આવું' એવું પ્રભાતિયું સવાર-બપોરને સાંજ ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્સન સમજીને ગાંગરવું જ હિતાવહ છે. કોરોના દાનવના પ્રતાપે અત્યાર સુધી છાપાઓની પૂર્તિમાં આવતા સ્વસ્થ રહેવાના નુશ્ખાઓને પાના પલટીને અવગણતા લોકો જૂના છાપાઓ શોધી શોધીને એ રામબાણ નુશ્ખાઓ અજમાવતા થઈ ગયા છે. જૂના એટલા માટે કે નવા છાપાઓ તો આજકાલ બંધ છે અને વોટ્સઅપ પર છાપા વહેચાઈ છે અને વંચાય છે પણ એ સવારના પહોરમાં હીચકે કે સોફા પર ચા ની ચૂસકીઓ લેતા લેતા વર્તમાનપત્રના પાના ફેરવવા જેવી મજા કે એ પ્રિંટેડ કાગળની સુગંધ એમાં ક્યાં...? ઘણાને તો છાપાના પાના ફેરવે તો જ ખુલાસાબંધ આવે એ ટેવ પણ છૂટી ગઈ છે અરે એની ક્યા માંડો છો રોજ ફરજિયાત છાપા વાંચવાની ટેવ પણ છૂટી ગઈ છે...!

સાલ્લુ એવી ફિલિંગ આવે છે કે કોઈએ બધી સગવડતાવાળા સ્થળે કેદ કરી દીધા છે જ્યાં બધુ જ છે પણ બહાર જાને કા નઇ ! બોટલમાં કેદ જીન કે પાંજરામાં બંધ પોપટ જેવુ જ કઈક...! કસમથી કોઈએ સપનામાં પણ આવું નહીં જ વિચાર્યું હોય કે એક દિન ઐસા ભી આયેગા..! પણ એક દિન શું ટોટલ ચૌદાહ દિન આવી ગયા છે એકસામટા અને જો અપૂનલૉગ નહીં સમજે તો બીજા પાંચ-સાત દિન ટુ બી એડેડ...!!! નહીઈઈઈઈ એવી રાડો પાડ્યા વગર છોનમોના આ દિવસો કાઢી નાખો એમા જ ભલાઈ છે...એવું હું નહીં પણ ડોક્ટરો-દર્દીઓ અને દુનિયા આખી ચિલ્લાઈ ચિલ્લાઈને કહી રહી છે. છતાયે છે હજુ એવા પણ અનેકો નંગ છે કે જેનો ટાંટિયો ઘરમાં ટકતો નથી...પગમાં હેલિકોપ્ટરની પાંખો ફિટ કરાવીને આ ધરતી પર અવતરેલા આવા રખડું લોકોની પાંખો પોલીસના દંડા પડતાં જ કપાઈ જાય છે એટલું સારું છે નહિતર આ હેલિકોપ્ટરો ક્યા ના ક્યાય રખડી આવે એમ છે..